અપીલ અરજી નં.૪ તા.૨–૪ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સુરેશભાઈ એમ.પટેલ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશભાઈ એમ.પટેલની તા.૨૪–૨–૧૧ની અરજીથી સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૯૧૪ તા.૨૩/૨૮–૩–૧૧ના પત્રની માહિતી સમય મર્યાદા બાદ મળતા નકલ ફી માં માફી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨–૪–૧૧ ની **SMC/FAP/** નં.૪/૨૦૧૧–૧૨

શ્રી સુરેશભાઈ એમ.પટેલની તા.૨૪–૨–૧૧ની અરજીથી સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૯૧૪ તા.૨૮/૨૩–૩–૧૧ના પત્રની માહિતી સમય મર્યાદા બાદ મળતા નકલ ફી માં માફી આપવા અંગે રજૂઆત કરી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા વધુમાં અરજદારને ફી ભરવા જણાવતો પત્ર પોસ્ટલ એજન્સીને ડીલીવર કર્યા તારીખ કે અરજદારને સમય મર્યાદામાં બજવણી કર્યાના કોઈ આધાર હોય તો તે પણ આધાર સહ રજૂ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૪ તા.૧૧–૪–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં તમોએ મુળ અરજીથી માંગેલ માહિતી, ફી ભર્યાની વિગત તથા માંગેલ પૈકી કઈ માહિતી બાબતે કઈ વિગતે નારાજગી છે તે અગર જણાવેલ ન હોઈ તે મોકલી આપવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો રજૂ કરેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૨૫–૪–૧૧ ના રોજ અરજદારની પૂરક માહિતી સેન્ટ્રલઝોન ધ્વારા પત્ર નં.સીસીસી/સે.ઝોન/આ.નં.૭૩ તા.૨૬–૪–૧૧ ના રોજ અત્રે મળેલ છે. જેમાં અરજદારે તા.૨૫–૪–૧૧ ના પત્રથી રજૂઆત તથા કવરના ઝેરોક્ષની નકલ તેમજ જાહેર માહિતી અધિકારી તરફથી મોકલેલ માહિતી અંગેના પત્રની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૨૪–૨–૧૧ ની અરજીથી વોર્ડ નં.૪ નોંધ નં.૨૧૭ વાળી મિલ્કતના બાંધકામ બાબતે પ્લાનની મંજુર થયાની તારીખ અને સાલ તથા રજાચિઠ્ઠીની નકલની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧) સુરત શહેર બેગમપુરા ભઠ્ઠીશેરી ઘર નં.૪/૨૧૭ વાળી મિલકતના માલિકે જુની મિલ્કત ઉતારીને નવી મિલ્કત બાંધકામ કરવા માટે આર્કીટેકટ દેવેન્દ્ર રંગરેજ પાસે જરૂરી પ્લાન બનાવડાવીને મંજુરી માટે સુમપા તરફથી કેટલા માળ બાંધકામ કરવા માટે પ્લાન મંજુર કરી આપવામાં આવેલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ નં.૪ નોંધ નં.૨૧૭ વાળી મિલ્કતનો પ્લાનથી વનમાળીદાસ, મંગળદાસ અને અન્યોના નામે સેન્ટ્રલઝોનની ઓફિસની રજાચિઠ્ઠી નં.સે.ઝોન/આ.નં.૧૮૧ થી તા.૨૪–૯–૦૯ થી મંજુર કરવામાં આવેલ છે અને આર્કીટેકટ શ્રી વિજય પી. ગજજર ધ્વારા પ્લાન મંજુર કરાવવામાં આવેલ છે. હાલમાં આર્કીટેકટ તરીકે શ્રી દેવેન્દ્ર રંગરેજ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૨ બાંધકામ થઈ ગયા બાદ મિલ્કતના માલિકે વસવાટની પરવાનગી સુમપા પાસે લેવામાં આવેલ છે કે નહીં. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં વસવાટની પરવાનગી અંગેની માહિતી સેન્ટ્રલઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩ ૪/૨૧૭ વાળી મિલ્કતમાં માલિકે સુમપા પાસે જે પ્લાન મંજુર કરાવેલ તે મુજબની સ્થળ પર બાંધકામ કરવામાં આવેલ છે કે કેમ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં સ્થળ ઉપરની બાંધકામની માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૪ સુમપા તરફથી ૪/૨૧૭ વાળીમિલ્કતના માલિકને નવું બાંધકામ કરવા માટે પ્લાન રહેઠાણ માટે કે અન્ય ઉપયોગ માટે મંજુર કરેલ. પ્લાન કઈ તારીખે અને કઈ સાલમાં મંજુર કરેલ તેની રજાચિઠ્ઠીની નકલ ફાળવવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ નં.૪ નોંધ નં.૨૧૭ વાળી મિલ્કતનો પ્લાન શ્રી વનમાળીદાસ મંગળદાસ અને અન્યોના નામે સેન્ટ્રલઝોન ઓફિસની રજાચિઠ્ઠી નં.સે.ઝોન/આ.નં/૧૮૧ તા.૨૪–૯–૦૯ થી મંજુર કરવામાં આવેલ છે અને આર્કીટેકટ શ્રી વિજય પી. ગજજર ધ્વારા પ્લાન મંજુર કરાવવામાં આવેલ છે. હાલમાં આર્કીટેકટ તરીકે શ્રી દેવેન્દ્ર રંગરેજ છે. પ્રશ્નવાળી મિલ્કતમાં ૮૪.૨૨ ચો. મી. ગ્રાઉન્ડ ફલોર પર પાર્કીગ તથા ત્રણ માળનો પ્લાન મંજુર કરવામાં આવેલ છે. જેની રજાચિઠ્ઠીની નકલ રૂા.૨/– ભર્યેથી મળી શકશે. તથા પ્લાન રૂા.૪૦૦/– ભર્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૯૧૪ તા.૨૮/૨૩–૩–૧૧ ના મળેલા નિર્દિષ્ટ સમયમાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૨–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે ૩૦ દિવસમાં માહિતી મળેલ નથી સમય મર્યાદા બાદ માહિતી પૂરી પાડેલ જે બાબતે અરજદારે મુદ્દા નં.૪ અંગે રજાચિઠ્ઠીની નકલના રૂા.૨/– તેમજ પ્લાન કોપીના રૂા.૪૦૦/– ભરવા જણાવેલ. જે સમય મર્યાદા બાદ માહિતી મળેલ હોઈ રૂા.૪૦૨/– ભરવાના થતા નથી અને ફી રજાચિઠ્ઠીની

નકલ અને પ્લાનની માંગણી કરેલ છે. જેમાં અરજદારે આપવામાં આવેલી માહિતીમાં પણ તારીખમાં ફેરફાર જાતે કરવામાં આવેલ છે તેવી રજૂઆત કરેલ છે. જેમાં તા.૨૮–૩–૧૧ ની તા.૨૩–૩–૧૧ ની તારીખ કરવામાં આવેલ છે તેવી રજૂઆત પણ કરવામાં આવેલ છે. જે બાબતે જાહેર મીહતી અધિકારીનો પત્ર જોતાં આઉટવર્ડ નંબરની નીચે તા.૨૮–૩–૧૧ લખ્યા પછી નીચે સુધારીને તા.૨૩–૩–૧૧ જણાવેલ છે. જે અંગે અત્રેથી અપીલ તબકકે વિગતો માંગતા જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ વિગતો પૂરી પડાયેલ નથી પરંતુ અરજદારે માહિતી પૂરી પાડયાના યુપીસી કવરની ઝેરોક્ષ નકલ રજૂ કરેલ છે. તેમાં જાહેર માહિતી અધિકારીએ તા.૨૮/૨૩–૩–૧૧ જણાવેલ છે. તથા ડીસ્પેચમાં તા.૨૯–૩–૧૧ જણાવેલ છે. આમ જાહેર માહિતી અધિકારીએ તા.૨૩–૩–૧૧ ના રોજ માહિતી ઉપર સહી કરેલ છે અને તેનો આઉટવર્ડ નં.તા.૨૮–૩–૧૧ ના રોજ પાડેલ છે ત્યાર બાદ ૨૮ તારીખ છેકીને તા.૨૩–૩–૧૧ જણાવેલ છે. પરંતુ આ.નં.તા.૨૮–૩–૧૧ અને ડીસ્પેચની તા.૨૯–૩–૧૧ જોતાં અરજદારને દિન–૭ માં વિલંબથી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તેવી અરજદારની તેટલા પૂરતી રજૂઆત ગ્રાહય રાખવામાં આવે છે. આથી આવી માહિતી વિના મૂલ્યે પૂરી પાડવાની રહે. પરંતુ અરજદારે રજાચિઠ્ઠીની નકલ તથા પ્લાનની નકલ અપીલ તબકકે વિના મૂલ્યેની માંગણી કરેલ છે. પરંતુ અરજદારની મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં રજાચિઠ્ઠીની નકલની માંગણી કરેલ છે પરંતુ પ્લાનની નકલની કોઈ માંગણી કરેલ નથી. તેથી તે પૂરી પાડવાનો પ્રશ્ન અપીલ તબકકે અપીલ કારણ બની શકે નહીં. આથી અરજદારને રજાચિઠ્ઠીની નકલ વિના મૂલ્યે પૂરી પાડવી રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૪ અંગે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ છે. પરંતુ અરજદારે પૂરી પડાયેલ માહિતીમાં મુદ્દા નં.૪ માં રજાચિઠ્ઠીની નકલના રૂા.૨/– તથા પ્લાનની નકલ ના રૂા.૪૦૦/– ની માહિતી સમય મર્યાદા બાદ પૂરી પાડેલ હોય રૂા.૪૦૨ /–ભરવાના થતા નથી જેથી વિના મૂલ્યેની માંગણી કરેલ. પરંતુ અરજદારે મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં પ્લાની નકલની માંગણી કરેલ ન હોઈ તેવી માહિતી પૂરી પાડવાનો પ્રશ્ન અપીલ તબકકે અપીલનું કારણ બની શકે નહીં . જયારે રજાચિઠ્ઠીની માંગણી કરેલ હોઈ અરજદારની તેટલા પૂરતી રજૂઆત ગ્રાહય રાખવામાં આવે છે. અરજદારને મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં રજાચિઠ્ઠીની નકલ ના રૂા.૨/– સમય મર્યાદા બાદ પૂરી પાડેલ હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી સુરેશ.એમ.પટેલ.,